મહાત્મા ગાંધી રાષ્ટ્રીય ગ્રામીણ રોજગાર બાંહેધરી યોજના
અંતર્ગત બીએનઆરજીએસકે (ગ્રામસચિવાલય)ના
બાંધકામની બાબતને વહીવટી મંજૂરી આપવા બાબત.

---

ગુજરાત સરકાર
પંચાયત,ગ્રામ ગૃહ નિર્માણ અને ગ્રામ વિકાસ વિભાગ
ઠરાવ ક્રમાંકઃ-એમજીએનઆરઈજીએ/૧૦/૨૦૧૧/એસએફએસ/૧૧૩/ખ-૨
સચિવાલય, ગાંધીનગર
તા.૨૪-૮-૨૦૧૧

વંચાણે લીધાઃ -

૧.રાષ્ટ્રીય ગ્રામીણ રોજગાર બાંહેધરી યોજના,૨૦૦૫ની અનુસૂચિ-૧
૨ અધિસૂચના ક્રમાંકઃએસઓ.૨૮૭૭(ઈ),તા.૧૧.૧૧.૨૦૦૯
૩.રાષ્ટ્રીય ગ્રામીણ રોજગાર બાંહેધરી અધિનિયમ,૨૦૦૫(નરેગા)ની ઓપરેશનલ ગાઇડલાઇન્સ ,પ્રકરણ -૬

આમુખ : -

મહાત્મા ગાંધી રાષ્ટ્રીય ગ્રામીણ રોજગાર બાંહેધરી યોજના હેઠળ સ્વીકાર્ય કામોનો વ્યાપ વધારવા કેન્દ્ર સરકારના ગ્રામીણ વિકાસ મંત્રાલયના વંચાણે લીધેલ-૨ની અધિસૂચનાથી ભારત નિર્માણ રાજીવ ગાંધી સેવા કેન્દ્ર(બીએનઆરજીએસકે)ના બાંધકામનો પણ સમાવેશ કરેલ હોઈ ,ગ્રામ વિકાસ મંત્રાલયના સચિવશ્રી દ્વારા તેમના તા. ૩૦.૧૨.૨૦૦૯ના અ.સ.પત્રથી રાજ્યોના મુખ્ય સચિવશ્રીઓને સુધારેલ જોગવાઈનો લાભ લઈ જરૂરી કાર્યવાહી કરવા અનુરોધ કરેલ છે..

આ કેન્દ્રના બાંધકામ માટે ભારત સરકારના ગ્રામ વિકાસ મંત્રાલયના સચિવશ્રી દ્વારા તા.૩૦.૧૨.૨૦૦૯ થી મોકલવામાં આવેલ માર્ગદર્શિકા મુજબ ગ્રામ પંચાયત કક્ષાએ શૌચાલય અને વિવિધલક્ષી રંગમંચ( એમ્ફિથિયેટર ) સાથેના ૧૩૦ ચોરસમીટરના ક્ષેત્ર વિસ્તારના બાંધકામનો કુલ ખર્ચ રૂા. ૧૦.૦૦ લાખ નિયત કરવામાં આવેલ છે. બાંધકામ માટેની નમૂનારૂપ આકૃતિ રાષ્ટ્રીય કક્ષાએ તૈયાર કરવામાં આવેલ છે પરંતુ તેમાં નમૂનારૂપ આકૃતિના પાયાના ક્રિયાશીલ વિચારને

આધીન સ્થાનિક પરિસ્થિતિને અનુકૂળ બાંધકામને અવકાશ છે..ભારત નિર્માણ રાજીવ ગાંધી સેવા કેન્દ્રના બાંધકામ માટે ગ્રામ પંચાયત કક્ષાએ થનાર ખર્ચની મર્યાદા રૂા. ૧૦.૦૦ લાખ નિયત કરવામાં આવેલ છે.નિયત નાણાંકીય મર્યાદા ઉપરાંતનો ખર્ચ રાજ્ય સરકાર દ્વારા ભોગવવા ગાઇડલાઇન્સમાં કરવામાં આવેલ જોગવાઈ ધ્યાને લેતાં અને જિલ્લાવાર નક્કી થયેલ SOR ( શીડ્યુલ ઓફ રેટ્સ) જોતાં એક કેન્દ્રના બાંધકામ માટેનો સરેરાશ કુલ ખર્ચ રૂા. ૧૪.૬૫ થાય છે. આમ એક કેન્દ્રના બાંધકામ માટે રાજ્ય સરકારે રૂા. ૪.૬૫ લાખ વધારાનો ખર્ચ ભોગવવાનો થાય છે.

આ બાબત ધ્યાને લઈ નાણાંકીય વર્ષ ૨૦૧૧ -૧૨ ના અંદાજપત્રમાં સમગ્ર રાજ્યમાં કુલ ૨૭૦૧ બીએનઆરજીએસકેના બાંધકામ માટે રુપિયા એક કરોડની ટોકન જોગવાઇ કરવામાં આવેલ હતી. આ નવી બાબતને મળેલ સૈધ્ધાંતિક મંજુરીને વહીવટી મંજૂરી આપવાની બાબત રાજ્ય સરકારની વિચારણા હેઠળ હતી.

હવે રાજ્ય સરકાર દ્વારા પુખ્ત વિચારણાના અંતે ૨૭૦૧ કેન્દ્રોના બાંધકામ માટેની રૂા. ૧૨૫.૬૦ કરોડની મંજુરી આપવામાં આવેલ હોય રૂા. ૧૨૫,૫૯, ૬૫૦૦૦/-ની આ નવી બાબતની નીચેની શરતોએ વહીવટી મંજૂરી આપવા ઠરાવે છે:

1. પ્રથમ અગ્રતા જ્યાં ગ્રામ પંચાયતનું પોતાનું મકાન ન હોય તેવી ગ્રામ પંચાયતને આપી બાંધકામ હાથ ધરવાનું રહેશે.
2. જ્યાં ગ્રામ પંચાયતના મકાનો જર્જરિત હોય તેવી ગ્રામ પંચાયતને બીજા ક્રમે અગ્રતા આપી બાંધકામ હાથ ધરવાનું રહેશે. આ હેતુ માટે પંચાયત,ગ્રામ ગૃહ નિર્માણ અને ગ્રામ વિકાસ વિભાગના તા. ૨૮.૦૩.૨૦૦૭ ના ઠરાવ ક્રમાંક:પરચ-૨૦૦૬-૨૯૮૧-ચ માં દર્શાવેલ (૧) થી (૩) શરતોનું પાલન કરવાનું રહેશે.
3. જ્યાં કોમ્યુનિટિ હોલ ઉપલબ્ધ હોય ત્યાં તેને બીએનઆરજીએસકે તરીકે ઉપયોગ કરવાની શક્યતા તપાસી સંબંધિત ગ્રામ પંચાયતની સંમતિ મેળવી અપગ્રેડ કરવાની કાર્યવાહી કરવાની રહેશે.
4. બીએનઆરજીએસકેના બાંધકામ માટે મહાત્મા ગાંધી રાષ્ટ્રીય ગ્રામીણ રોજગાર બાંહેધરી યોજનાના ભંડોળ સાથે બીઆરજીએફનું ભંડોળ (બનાસકાંઠા, ડાંગ, દાહોદ, નર્મદા, પંચમહાલઅને સાબરકાંઠા જિલ્લાઓમાં) અથવા અન્ય સ્ત્રોતનો પૂરક ભંડોળ તરીકે ઉપયોગ કરવાનો રહેશે..

5. દરેક જિલ્લાના શીડ્યુલ ઓફ રેટ્સ –SOR- જુદા જુદા હોઈ , તેને લક્ષમાં રાખી દરેક સેવા કેન્દ્ર દીઠ સરેરાશ રૂ.૪.૬૫ લાખની મર્યાદામાં જિલ્લાવાર ભંડોળ છૂટું કરવાનું રહેશે. તેમજ દરેક સેવા કેન્દ્ર દીઠ સરેરાશ થનાર ખર્ચની દરખાસ્ત કમિશ્નરશ્રી, ગ્રામ વિકાસને મંજુરી અર્થે મોકલવાની રહેશે.
6. ૨૭૦૧ કેન્દ્રો માટેની ટોકન જોગવાઇ ઉપરાંતની રૂા. ૧૨૪,૫૯,૬૫૦૦૦/- વધારાની રકમ રીવાઇજ બજેટમાં પૂરક માંગણી દ્વારા વર્ષ ૨૦૧૧-૧૨ માં મેળવી લેવાની રહેશે.
7. કેન્દ્રનું બાંધકામ શૌચાલય સહિતના ૧૩૦ ચોરસ મીટરના ક્ષેત્ર વિસ્તારનું કરવાનું રહેશે અને તેમાં સચિવશ્રી,ગ્રામ વિકાસના તા.૩૦.૧૨.૨૦૦૯ ના અ.સ.પત્ર ક્રમાંક:જે-૧૧૦૧૩/૨/૨૦૦૯-એનઆરઈજીએ (પાર્ટ)થી મોકલવામાં આવેલ માર્ગદર્શિકામાં દર્શાવેલ તમામ મુદ્દાઓનો સમાવેશ કરી મહાત્મા ગાંધી રાષ્ટ્રીય ગ્રામીણ રોજગાર બાંહેધરી યોજના માટે નિયત થયેલ પ્રક્રિયા અનુસરીને નમૂનારૂપ આકૃતિ અને તેમાં સ્થાનિક પરિસ્થિતિની અનુકૂળતા ધ્યાને લઈ કરવાનું રહેશે..
8. માલસામાન અને મજૂરી માટે નિયત થયેલ ૬૦:૪૦નું પ્રમાણ જિલ્લા કક્ષાએ જાળવવાનું રહેશે.

આ કેન્દ્રોના બાંધકામ માટેનો ખર્ચ માંગણીવાર નીચે પ્રમાણે પાડવાનો રહેશે:

**ડિમાન્ડ નંબર: ૭૧ (સામાન્ય)**

મુખ્ય સદર : ૨૫૦૫
પેટા મુખ્ય સદર : ૦૨ ગ્રામ્ય રોજગાર
ગૌણ સદર : ૧૦૧
પેટા સદર : આરડીડી-૩
વિગતવાર સદર : ૦૦
રૂા. ૭૫,૩૭,૬૫,૦૦૦ (૧૬૨૧ કેન્દ્રો )

**ડિમાન્ડ નંબર: ૯૫**

મુખ્ય સદર : ૨૫૦૫ –ગ્રામીણ રોજગાર
પેટા મુખ્ય સદર : ૦૧ રાષ્ટ્રીય ગ્રામીણ રોજગાર કાર્યક્રમ
ગૌણ સદર : ૭૦૨ જવાહર ગ્રામ સમૃદ્ધિ યોજના
પેટા સદર : ૦૩-આરઈ એમ -૩ અનુસૂચિત જાતિ પેટા યોજના
રૂા.૧૨,૫૫,૫૦,૦૦૦ (૨૭૦ કેન્દ્રો)

**ડિમાન્ડ નંબર: ૯૬ ( ટીએસપી)**

મુખ્ય સદર : ૨૫૦૫ ગ્રામ્ય રોજગાર

પેટા મુખ્ય સદર : ૦૧ રાષ્ટ્રીય ગ્રામીણ રોજગાર કાર્યક્રમ

ગૌણ સદર : ૭૯૬ ટ્રાઇબલ એરિયા સબપ્લાન

પેટા સદર : ૦૪-આરઈએમ – નેશનલ રુરલ એમ્પ્લોયમેંટ ગેરંટી સ્કીમ ટ્રાઇબલ એરિયા સબપ્લાન હેઠળ

વિગતવાર સદર : ૦૦

રૂ।. .૩૭,૬૬,૫૦,૦૦૦ (૮૧૦ કેન્દ્રો)

આ હુકમો વિભાગની સરખા ક્રમાંકની ફાઇલ ઉપર માન.મુખ્યમંત્રીશ્રીની તા.૧૭.૮.૨૦૧૧ ની અનુમતિ અન્વયે બહાર પાડવામાં આવે છે.

ગુજરાતના રાજ્યપાલશ્રીના હુકમથી અને તેમના નામે,

(એચ.એન.મેજિયાતર)

નાયબ સચિવશ્રી (ગ્રામ વિકાસ)

પંચાયત,ગ્રામ ગૃહ નિર્માણ અને ગ્રામ વિકાસ વિભાગ

પ્રતિ,

- માનનીય રાજ્યપાલશ્રીના અગ્રસચિવશ્રી,રાજભવન,ગાંધીનગર (પત્ર દ્વારા)
- માનનીય મુખ્યમંત્રીશ્રીના અગ્રસચિવશ્રી,સચિવાલય,ગાંધીનગર
- માનનીયમંત્રીશ્રી(પંચાયત)ના અંગત સચિવશ્રી, સચિવાલય, ગાંધીનગર
- માનનીય રાજ્ય કક્ષાના મંત્રીશ્રી (ગ્રામવિકાસ)ના અંગત સચિવશ્રી, સચિવાલય, ગાંધીનગર
- માન.મંત્રીશ્રીઓ/રાજ્યકક્ષાનામંત્રીશ્રીઓ (તમામ) નાઅંગત સચિવશ્રી, સચિવાલય, ગાંધીનગર
- મુખ્ય સચિવશ્રીના નાયબ સચિવશ્રી, સચિવાલય,ગાંધીનગર
- અધિક મુખ્ય સચિવશ્રી,પંચાયત,ગ્રામ ગૃહ નિર્માણ અને ગ્રામ વિકાસ વિભાગ
- અધિક મુખ્ય સચિવશ્રી, નાણાં વિભાગ, સચિવાલય, ગાંધીનગર

- અગ્રસચિવશ્રી(આયોજન પ્રભાગ), સામાન્ય વહીવટ વિભાગ,સચિવાલય, ગાંધીનગર
- અગ્રસચિવશ્રી,માર્ગ અને મકાન વિભાગ,સચિવાલય,ગાંધીનગર
- સચિવાલયના સર્વે વિભાગો
- નાણાંકીય સલાહકારશ્રી(પંચાયત) ,સચિવાલય,ગાંધીનગર
- એકાઉન્ટન્ટ જનરલશ્રી, અમદાવાદ/રાજકોટ
- નિવાસી ઓડિટ અધિકારીશ્રી, ગાંધીનગર
- પગાર અને હિસાબી અધિકારીશ્રી, ગાંધીનગર
- કમિશનર વ અગ્રસચિવશ્રી,ગ્રામ વિકાસનીકચેરી, ડો.જીવરાજ મહેતા ભવન, ગાંધીનગર
- વિકાસ કમિશ્નરશ્રી, ડો.જીવરાજ મહેતા ભવન, ગાંધીનગર
- કલેકટરશ્રી- તમામ ( કમિશ્નરશ્રી,ગ્રામ વિકાસની કચેરી મારફત )
- જિલ્લા પ્રોગ્રામ કો-ઓર્ડિનેટર વ જિલ્લા વિકાસ અધિકારીશ્રી, -તમામ (કમિશ્નરશ્રી, ગ્રામ વિકાસ ની કચેરી મારફત)
- અધિક જિલ્લા પ્રોગ્રામ કો-ઓર્ડિનેટર વ નિયામકશ્રી, જિલ્લા ગ્રામ વિકાસ એજન્સી, - તમામ ( કમિશ્નરશ્રી,ગ્રામ વિકાસની કચેરી મારફત)
- બજેટ શાખા, પંચાયત,ગ્રામ ગૃહ નિર્માણ અને ગ્રામ વિકાસ વિભાગ , સચિવાલય, ગાંધીનગર
- સિલેકટ ફાઇલ